# પ્રવચન નં. ૮૧ શ્લોક - ૨૦ની ટીકા

## તા. ૯-૯-૭૮ શનિવાર ભાદરવા સુદ-૭ પર્યૂષણ દિવસ-૪થો. ઉત્તમ શૌચ ધર્મ સં. ૨૫૦૪

ચોથા ઉત્તમ શૌચ–શૌચ ત્રણ આ ગયા ને પહેલે ક્રોધસે વિરૂદ્ધ ઉત્તમ ક્ષમા માનસે વિરૂદ્ધ માર્દવ – માયાસે વિરૂદ્ધ સરળતા – લોભસે વિરુદ્ધ શૌચતા નિર્લોભતા એ આજ ચોથા દિન હૈ.

समसंतोसजलेण य जो धोवदि तिह्लोहमलपुंजं ।
भोयणगिद्धिविहीणो तस्स सउच्चं हवे विमलं ।।३९७।।

મુનિની વ્યાખ્યા છે ને મુખ્ય તો એણે જાણવું તો જોઈએ ને ? મુનિકા ચારિત્ર ધર્મમેં દસ પ્રકારકા ધર્મ જો આનંદદાતા સુખસ્વરૂપ સુખકા જિસકો અનુભવ હોતા હૈ ઉસકો આ ઉત્તમ ધર્મ હોતા હૈ. આહાહાહા ! જો મુનિ સમભાવ કંચન અને તૃણ બેય ઉપર જિસકો સમભાવ હૈ. કયોંકિ એ તો જ્ઞેય હૈ – કંચન હો કે તૃણ હો – તીનકા, ઉન્હેં આ ઠીક હૈ ને આ અઠીક ઉસમેં હૈ નહીં કોઈ એ તો જ્ઞેય હૈ તો સબમેં સમભાવ ઔર સંતોષ ઔર આત્મામેં આનંદકી પ્રાપ્તિ કરના એ સંતોષ. આહાહાહાહા ! આ હૈ. સંતોષ એટલે આ રાગ ઘટાડીને સંતોષ એ ઠીક પણ મૂળ તો અતીન્દ્રિય આનંદકા પ્રગટ કરના ઉસસે સંતોષ માનના મૈં સુખરૂપ હું, મૈં અતીન્દ્રિય આનંદ સ્વરૂપ હું, ઉસકા નામ શૌચધર્મ નિર્લોભધર્મ કહેનેમેં આતા હૈ. આહાહા !

તિન્હ લોભ મળ પુંજમ – તૃષ્ણા ને લોભ ભવિષ્યની કોઈ પદાર્થની ઇચ્છા એ તૃષ્ણા, લોભ વર્તમાન પ્રાપ્ત પદાર્થમાં ઇચ્છા એ લોભ, સમજમેં આયા ? ભવિષ્યમેં પદાર્થ મિલનેકી ઇચ્છા એ તૃષ્ણા ઔર વર્તમાન પ્રાપ્ત પદાર્થમેં લોભ – ઉસકા નામ અહીં લોભ કહેતે હૈ. દોકો મળકો ધોવે એક બાત, ભોજનકી ગૃદ્ધિ દૂસરી તો હૈ નહીં મુનિકો, એક આહાર હૈ. આહાહાહા ! ઉસકી ગૃદ્ધિ અતિચાર રહિત હો ઉસકો, ઉસ મુનિકો ચિત્ત નિર્મળ હોતા હૈ, આનંદ હોતા હૈ, ઉસકો ઉત્તમ શૌચ ધર્મ હોતા હૈ. લ્યો સમભાવની વ્યાખ્યા આ ગઈ. કેવળ આહારકા ગ્રહણ હૈ મુનિકો ઉસમેં ભી તીવ્રતા નહીં લાભ – અલાભ સરસ નિરસમેં સમબુદ્ધિ રહેતા હૈ, તબ ઉત્તમ શૌચ ધર્મ હોતા હૈ. વર્તમાન લોભકા ચાર પ્રકાર જીવીતકા લોભ, આરોગ્ય રહેનેકા લોભ, આહાહા ! ઇન્દ્રિય બની રહેનેકા લોભ, ઇન્દ્રિય અનુકૂળ રહેનેકા લોભ ઔર ઉપભોગકા લોભ. એ ચારો અપને ઔર અપને સંબંધી સ્વજન મિત્ર આદિ કે દોનો કે ચાહનેસે આઠ ભેદ હોતા હૈ. આહાહાહા ! ઈસલિયે જહાં સબ હી કા લોભ નહીં હોતા. આનંદ આનંદ આનંદ આનંદ ને

આનંદ ઉસકા નામ અહીંયા શૌચ, નામ પવિત્ર ધર્મ કહેતે હૈ. આહાહા... આવી વાત છે. સમજમેં આયા ? એ ચોથા બોલકી બાત હુઈ સંતોષકી.

ચાલતો અધિકાર ટીકા આયા અહિંયા આયા હૈ ને અબ કોઈ તર્ક કરે કે આત્માકો જ્ઞાન કે સાથ તાદાત્મ્યસ્વરૂપ હૈ. ક્યા કહેતે હૈ ? ભગવાન સંતોએ જ્યારે ઐસા કહા કે તુમ જ્ઞાન સ્વરૂપી ભગવાન હૈ, ઉસકી સેવા કરો, ઉપાસના કરો. આહાહાહા ! જેમ દેવ ને દેવીની ઉપાસના કરતે હૈ. મિથ્યા ભ્રમ અજ્ઞાની, ઐસે તુમ જ્ઞાન સ્વરૂપ ભગવાન આત્મા, જ્ઞાનમૂર્તિ પ્રભુ, દિવ્ય ભગવાન આત્મા એની સેવા કરો. આહાહા... અર્થાત્ ઉસમેં એકાગ્ર હો. આહાહા ! ઐસા શિષ્યે સૂના, ગુરુએ કહા. તો શિષ્ય પ્રશ્ન કરતે હૈ આત્મા તો જ્ઞાનકે સાથ તદ્રૂપ હૈ હી, આત્મા ને જ્ઞાન તો એકરૂપ હૈ, ઉસકી સેવા કરના ( ઐસા ) નયા કયા કહેતે હૈ તુમ ? આત્મા ઔર જ્ઞાન એટલે સ્વભાવ, જ્ઞાન સ્વભાવ અને આત્મા તો તાદાત્મ્ય હૈ. જેમ અગ્નિ અને ઉષ્ણતા તાદાત્મ્ય હૈ, તદ્ સ્વરૂપ હૈ, એમ ભગવાન આત્મા, આહાહાહા... અને જ્ઞાન જાનન જાનન સ્વભાવ ઉસસે આત્મા તદ્રૂપ તો હૈ હી, આહાહા... અલગ નહિ, એ આત્મા અપના જ્ઞાન સ્વભાવ કાયમી જ્ઞાયકભાવ "ઉસસે અલગ નહિ, ઈસલિયે વહ જ્ઞાનકા નિત્ય સેવન કરતા હૈ." આહાહાહાહા ! એ કારણે જ્ઞાન ને આત્મા એકરૂપ હૈ. તદ્રૂપ હૈ વો કારણે આત્મા જ્ઞાનકી સેવા તો કરતે હી હૈ. આહાહા ! "તબ ફિર ઉસે જ્ઞાનકી ઉપાસના કરનેકી શિક્ષા કયોં દી જાતી હૈ" ? આહાહા ! ભગવાન આત્મા દ્રવ્ય સ્વરૂપ ઉસકા જાનન જ્ઞાન સ્વભાવ એ તો તદ્રૂપ હૈ, તાદાત્મ્ય હૈ, તો પીછે જ્ઞાનકી સેવા કરનેકા ઉપાસક, ઉપાસના કરો. સેવા કરો. આહાહા ! "સએવ" તે મૈં હું ઐસી દૃષ્ટિ કરકે એકાગ્ર હો. આહાહા ! "ઐસા કયોં કહેતે હૈ" ?

ઉસકા સમાધાન યે હૈ. "ઐસા નહીં હે" સૂન, ભગવાન આત્મા અને જ્ઞાન ત્રિકાળી સ્વભાવ ઉસકી સાથ તાદાત્મ્ય દ્રવ્ય ગુણસે હૈ પણ પર્યાયે ઉસકી સેવા કિયા નહીં, પર્યાય રાગ ને પુણ્ય ને પાપના વિકલ્પની સેવા કરતી હૈ. આહાહાહાહા... પરની સેવાની અહીં વાત હૈ હી નહીં. એ જ્ઞાનકી પર્યાય વર્તમાનમેં શુભાશુભ રાગ જે ઈસમેં હૈ નહીં, હૈ, જ્ઞાન ને આત્મા એક હૈ. પણ રાગ તો ઉસમેં હૈ નહીં. છતાં એ પુણ્ય ને પાપના રાગની સેવા અનાદિસે કરતે હૈ. આહાહાહાહાહા ! કયોંકિ ઐસા નહીં, યદ્યપિ આત્મા જ્ઞાનકે સાથે તાદાત્મ્ય સ્વરૂપસે હૈ. ભગવાન આત્મા જ્ઞાનરૂપી સ્વચ્છતાનો અરીસો ઉસસે તો અભિન્ન હૈ હી, આહાહાહા ! તથાપિ યહ, એક ક્ષણમાત્ર ભી જ્ઞાનકા સેવન નહીં કરતાં. આહાહાહા...

જ્ઞાન સ્વભાવ અને આત્મા સ્વભાવી ઉસકો એકરૂપ હૈ, છતાં એક ક્ષણમાત્ર ભી અનંત કાળમેં કભી જ્ઞાનકી ઉપાસના કિયા નહીં. આહાહાહાહા... સૂક્ષ્મ વાત હૈ. એક ક્ષણમાત્ર ભી જ્ઞાનકા સેવન નહીં કિયા, શાસ્ત્રકા જ્ઞાન કિયા, ઉસકી સેવા કિયા, પણ અપના જ્ઞાન સ્વરૂપ ભગવાન આત્મા હૈ, વો તરફકા આશ્રય કરકે એકાગ્ર હોના એક ક્ષણમાત્ર ભી કિયા નહીં પ્રભુ. આહાહાહાહા ! સમજમેં આયા ? એ પર્યાયમેં રાગાદિ હોતા હૈ, શાસ્ત્રકા જ્ઞાન હોતા હૈ, દયા દાનકા ભક્તિકા ભાવ હોતા હૈ, ઉસકી પર્યાય ( મેં ) સેવા નામ એકાગ્રતા હોતા હૈ. એની સેવા કરતે હૈ અનાદિસે, આહાહાહાહા... પણ જ્ઞાનકી પર્યાયે અપના જ્ઞાન ને આત્મા એક હૈ, એ સન્મુખ હોકર આત્માકા જ્ઞાનકી સેવા કભી કિયા નહીં.

આ બાયડી છોકરાની સેવા કરતે હૈ. એ તો અહીં બાત હૈ હી નહીં, એ તો મફતનો માને છે, એ રાગ કરે, પણ એ કરી શકતો નથી, સાચવે કે છોકરાને આ રોગ થયો માટે આપણે ધ્યાન રાખીએ ને માટે આમ થયું ને ( શ્રોતાઃ- છોકરાને લટકતો મૂકવો ? ) ક્યાં છોકરો હતો, એનો આત્મા છે ને શરીર છે એ તો પર દ્રવ્ય છે. આહાહાહા ! અહિંયા તો ત્યાં લગ કહેતે હૈ કે પર તરફના લક્ષવાળો જે શુભ અશુભભાવ પુણ્ય આદિ હોતા હૈ, ઉસમેં જે એકાગ્ર હોકર સેવા કરતે હૈ, તો એ મિથ્યાત્વભાવ હૈ. આહાહાહાહા ! પર વસ્તુ છે.

અપના ચિદાનંદ સ્વરૂપ જ્ઞાન સ્વભાવી પ્રભુ, વો તરફકી ઉપાસનાકા ઝુકાવ નહીં, અને રાગ ને પુણ્યના વિકલ્પમાં ઝુકાવ હૈ, એ ક્ષણ માત્ર ભી આત્માકી સેવા નહીં કરતે હૈ. આહાહાહા ! એ કુસેવા કરતે હૈ કીધાને પહેલે, આહાહાહા ! એ પાપકા ભાવ ઔર પુણ્યકા ભાવ ઉસમેં એકાગ્રતા હૈ, એ સેવા કરતે હૈ કુસેવા, કુસેવા હૈ એ તો. આહાહાહા ! પરકી સેવાની તો અહિંયા બાતેય નહીં, દેશની સેવા કરો, આને આ કરો, એ કરી શકતો ય નથી પછી પ્રશ્ન ક્યાં ? આહાહાહા ! અહીંયા તો અપના સ્વભાવકો ભૂલકર પુણ્ય ને પાપના ભાવ આહા... અને ક્ષણિક વર્તમાન પર્યાય ઉસમેં એકાગ્રતાકી સેવા અનાદિસે હૈ. આહાહા ! અહિંયા કહે તો પર્યાય બુદ્ધિ એમ કહેના હૈ, બીજી ભાષા હૈ, ભિન્ન-ભિન્ન રીતે સમજાના હૈ ને ? બાકી તો અનાદિકી ભગવાન તેરા વસ્તુ સ્વભાવ જ્ઞાનપ્રભુ ચૈતન્યમૂર્તિ, પ્રજ્ઞાબ્રહ્મ. આહાહા ! એ તરફકી ક્ષણમાત્ર પણ તેં ઉસકા આદર કરકે, સ્વીકાર કરકે, સત્કાર કરકે, ઉસમેં એકાગ્ર હુઆ નહીં કભી. આહાહાહા ! એક ક્ષણમાત્ર ભી જ્ઞાનકી સેવા નહીં કરતા. આહાહાહા... તો જ્ઞાન ને આત્મા તો એકમેક હૈ ને ? પણ એકમેક હૈ પણ પર્યાયમાં ક્યાં એકમેક માન્યા ? એ તો દ્રવ્ય-ગુણમેં એકમેક હૈ. સમજમેં આયા ? તીનોં બોલ લે લિયા. દ્રવ્ય નામ વસ્તુ, જ્ઞાન નામ ગુણ, એ તો એકરૂપ હૈ, પણ પર્યાય ઉસમેં એકરૂપ નહીં હુઈ. તબલગ જ્ઞાનકી સેવા ઉસને કિયા નહીં. આહાહાહાહા... દયા-દાનકા રાગ ને શાસ્ત્રકા જ્ઞાન કિયા, એની સેવા કિયા. આહા... ગજબ વાત કરે છે ને ? એ તો પર્યાયબુદ્ધિ, અજ્ઞાનબુદ્ધિ હૈ. આહાહાહાહા ! હૈ ? શિષ્યકા પ્રશ્ન થા, ઉસકા ઉત્તર હૈ. શિષ્યકા યે પ્રશ્ન થા કે ભગવાન આત્મા જેમ અગ્નિ અને ઉષ્ણતા તો એકરૂપ હી હૈ, કોઈ જુદી હૈ નહીં, એમ ભગવાન આત્મા અને જ્ઞાન સ્વભાવ એકરૂપ, તદ્‌રૂપ હૈ એ જુદા તો હૈ નહીં અને તુમ કહેતે હો કે આત્મા જ્ઞાનકી સેવા કરતે નહીં, હમ તો કહે કે એ તો સદાય સેવા કરતે હૈ, કે સૂન તો સહી. આહાહાહા...

જ્ઞાન સ્વભાવ આત્મા ઐસી દૃષ્ટિ કરકે ઉસમેં એકાગ્ર હુઆ નહીં, તો ક્ષણમાત્ર ભી આત્માકી સેવા કિયા નહીં ઉસને. આહાહાહાહા ! અહીં જ્ઞાનની સેવા કહેના હૈ. આહાહાહા ! જ્ઞાન સ્વભાવ ભગવાન આત્મા ઉસકી પર્યાયમેં વો તરફ ઝુકાકર, આહાહાહા... વર્તમાનમેં દયા દાન વ્રત ભક્તિકા પરિણામ ઔર શાસ્ત્રકા જ્ઞાન વો તરફકા ઝુકાવ અનાદિસે હૈ. આહાહાહા... પણ તુમ્હારા જ્ઞાન ને આત્મા એક હૈ ઐસી સેવા એકાગ્રતા કભી કિયા નહીં પ્રભુ. આહાહાહા ! આવો માર્ગ હવે અહીં તો કહે છે, હજી પરની સેવા કરો, દેશ સેવા કરો, ધર્મ થાશે. એય ! બધાં જુવાનિયા ઓલા કહે હાલો હોહા હોહા દેશની સેવા કરીએ, કોણ કરે પ્રભુ, સૂન તો સહી સેવા કરતે હો તો અજ્ઞાનસે પુણ્ય ને પાપની સેવા કિયા હૈ. આહાહાહા ! પણ વો પુણ્ય પાપસે ને પુણ્ય પાપ જિસમેં નહીં, જિસમેં જ્ઞાન સ્વભાવ હી હૈ. આહાહાહાહા... એ બાજુકા જ્ઞાનકી એકાગ્રતા,

સ્વભાવની એકાગ્રતા, સ્વભાવ સન્મુખની ઉપાસના એક ક્ષણ માત્ર ભી કિયા નહીં. આહાહાહા ! આ તો એક ક્ષણ હુઆ વો તો ખલાસ જનમ-મરણકા અંત આ ગયા. આહાહાહા !

ચૈતન્ય સ્વભાવી ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ, આહાહા... એ તરફકા બાહ્ય જે જ્ઞાન ને રાગાદિ કી મહત્તા છોડકર, આહાહાહાહા... અપના જ્ઞાયકભાવસે ભરા પડા પ્રભુ વો તરફકા દૃષ્ટિ કરકે, ઉસમેં એકાગ્રતા હોના ઉસકા નામ જ્ઞાનકી સેવા કિયા કહેનેમેં આતા હૈ. આ શાસ્ત્ર બાસ્ત્ર પઢના એ જ્ઞાનકી સેવા નહીં હૈ, એમ અહીં કહે છે. આહાહા ! શબ્દ જ્ઞાન કહ્યું'તું બંધ અધિકારમાં જિતના શાસ્ત્રકા જ્ઞાન હૈ એ તો શબ્દકા જડકા જ્ઞાન હૈ, ચૈતન્યકા નહીં. આહાહાહા ! સમજમેં આયા ? શાસ્ત્ર હૈ, પુસ્તક પાનાં, ઉસકી ભક્તિ કરના, અરે ઉસકા જ્ઞાન કરના એ ભી, આહાહાહાહા... એ પરકા જ્ઞાનકી શબ્દ જ્ઞાનકી સેવા હૈ. આંકરું કામ ભાઈ ! વીતરાગ માર્ગ કોઈ અલૌકિક હૈ. આહાહા ! એ શાસ્ત્ર ચાહે તો સમયસાર હો, પ્રવચનસારાદિ એ શાસ્ત્રકા જ્ઞાન કરે, આ શાસ્ત્ર આમ કહેતે હૈ, આમ કહેતે હૈ, તો એ તો શબ્દજ્ઞાન હુઆ અને શબ્દજ્ઞાન હુઆ એ આત્મજ્ઞાન નહીં. આહાહાહા... શાબ્દિક જ્ઞાનમેં જિસકા પ્રેમ હૈ, એ શબ્દકી સેવા કરતે હૈ. આહાહાહાહા... આવો માર્ગ છે. ભૂપતભાઈ ! ન્યાં તમારા વેપારમાં ધર્મવિલાસ સાંભળવામાં ન્યાં ક્યાંય નથી. એવું અત્યારે ગજબ પડયુ ભાઈ. આહાહા ! વાત બહુ ફેરવી નાખી લોકોએ, ( શ્રોતાઃ- લોકોએ બધું વિપરીત કરી નાખ્યું ) વિપરીત કરી નાખ્યું. આહાહા... ભાઈ તું ક્યાં છો ? એ તો જ્ઞાન સ્વભાવમાં ભગવાન તો રહે છે. આહાહા ! કયા એ રાગના ભાવમેં આત્મા હૈ ? અરે ! કયા નવતત્ત્વકી ભેદવાળી શ્રદ્ધામેં આત્મા હૈ ? કયા પંચમહાવ્રતકા વિકલ્પમેં આત્મા હૈ ? આહાહાહા ! કયા એ અગીયાર અંગકા જ્ઞાન કિયા, નવ પૂર્વકા જ્ઞાન, આહાહાહા ! પ્રભુ એમાં આત્મજ્ઞાન ન આયા. આહાહાહા ! આવી વાતું છે. યુગલજી ! લોકોને એકાંત લાગે પછી સોનગઢનું ભાઈ પરમ સત્ય તો આ છે પ્રભુ. આહાહા ! દુનિયા અપને સ્વાર્થના સ્વચ્છંદે શાસ્ત્રકા અર્થ કરે, અને માને કે અમે જ્ઞાન કિયા ભાઈ એ ચીજ કોઈ દૂસરી હૈ. આહાહા !

જ્યાં ભગવાન જ્ઞાનકા ભંડાર ભગવાન, વો તરફકા ઝુકાવસે એકાગ્રતા હોતા હૈ, ઉસને જ્ઞાનકી સેવા કિયા ઔર જિસકી પુણ્ય ને પાપ ને શાબ્દિક જ્ઞાન, આહાહાહા... અરેરે પ્રભુ શું કહે છે ? શાસ્ત્રજ્ઞાન એ શાબ્દિક જ્ઞાન, એ આત્મજ્ઞાન નહીં. આહાહાહા ! એ સેવામેં રુકાવ કરતે અનંતકાળસે ક્ષણમાત્ર ભી ભગવાન આત્મા, ચિદાનંદ ભગવાન પ્રભુ ઉસકી સેવા કિયા નહીં તેં, આહાહા... વો તરફકા ઝુકાવ એકાગ્રતા તેરા કભી નહીં હુઆ. આહાહા ! સમજમેં આયા ? બહુ મર્મની વાત હૈ. આહાહાહા !

ક્યોંકિ ? સેવન કયું ન કિયા ? "સ્વયં બુદ્ધત્વ, સ્વયં સ્વતઃ જાનના" અપનેસે અંદર જ્ઞાનકી પર્યાયસે આત્માકો જાનના, આહાહા... "ઔર ( બોધિત ) બુદ્ધત્વ દૂસરે બતાનેવાલેસે જાનના" ઈસ કારણપૂર્વક એ દો કારણપૂર્વક જ્ઞાનકી ઉત્પત્તિ હોતી હૈ, ભગવાન જ્ઞાન સ્વરૂપી તો હૈ, પણ પર્યાયમેં જ્ઞાનકી ઉત્પત્તિ આ કારણસે હોતી હૈ. કાં સ્વયં અંતર આત્મા જ્ઞાન કરે કાં બોધિત ગુરુ સમજાવે કે આ જ્ઞાન તે આત્મા, તો પીછે પણ કરના તો ઈસકો હી હૈ. આહાહાહા ! સમજમેં આયા ? આવી ઝીણી વાતું એટલે લોકોને, એવું એકાંત લાગે અને પછી હા હો, હા હો બહારમાં મોટા ભાષણ કરે ને લાખો માણસોનું રંજન થઈ જાયને જુઓ. આહાહા ! જવાહરલાલ

અહીં આવ્યા હતાં જવાહરલાલ ( પંડિત નહેરૂ ) ભાવનગર બે લાખ માણસ, લૌકિક વાતો કરે. આહાહા... અરે આ વાત ક્યાં ? અરે અહીં કહે હું પરની સેવા કરું છું, પરની સગવડતા આપી શકું છું, પરને અગવડતા દઈ શકું છું, એ માન્યતા ભ્રમ અજ્ઞાન છે પણ અહીં તો રાગ ને શાબ્દિક જ્ઞાન એની સેવા કરું છું, એકાગ્ર છું, એ પણ મિથ્યાત્વભાવ છે. આહાહાહા ! બીજી ભાષાએ કહીએ તો એ પર્યાયબુદ્ધિમાં પડયો છે. "પર્યાય મૂઢા પર સમયા" આહાહાહા... એ પર સમયમાં છે. આહાહાહા ! ભગવાન આત્મા અપની જ્ઞાનકી સેવાકા 'સ્વયં બુદ્ધત્વ' અપનેસે અંતરમેં જાકર કરતે હૈ કાં કોઈ ગુરુ સમજાવે બસ એટલી વાત પણ કરના તો ઉસકો અંતરસે હૈ, એ તો નિમિત્તસે કથન હૈ, "બોધિત બુદ્ધત્વ જાનના" એ કારણપૂર્વક જ્ઞાનકી ઉત્પત્તિ દેખો પર્યાયમેં આ જ્ઞાન હૈ ને આ આત્મા હૈ, ઐસા સન્મુખ હોકર સેવા કરે ત્યારે જ્ઞાનકી ઉત્પત્તિ હોતી હૈ, ત્યારે એને જ્ઞાન ને આત્મા એક હૈ, ઐસા તબ ઉસને માન્યા. આહાહાહા ! સમજમેં આયા ? સમયસાર એટલે ગજબ વાત છે. સાક્ષાત્ સર્વજ્ઞ પરમાત્મા સીમંધર ભગવાનની વાણી, કુંદકુંદાચાર્ય ગયે થે સૂનને, આહાહા ! એ આ વાણી હૈ. આહાહાહા ! જેમાં એક એક પદમાં ને એક એક શ્લોકમાં ભરપૂર દરિયા ભર્યા હૈ, આહાહાહા... આહા ! બહુ ટૂંકુ ને ટચ એ, કે પ્રભુ જે જ્ઞાન સ્વભાવી આત્મા હૈ, ઉસકા આશ્રય, લક્ષ છોડકર પર્યાયમેં જિતના ( પરકા ) જ્ઞાન ને રાગ હૈ પર સંબંધી, ઉસમેં એકાગ્ર હોનેસે એ મિથ્યાબુદ્ધિ, પર્યાયબુદ્ધિ, અજ્ઞાનબુદ્ધિ હૈ. આહાહા ! ઉસને આત્માકી સેવા નહીં કિયા. આહાહા !

"સએવ" ભગવાન, સેવા એટલે સએવ ભગવાન, જ્ઞાન સ્વરૂપી તે હું, ઐસી એકાગ્રતા જ્ઞાન સ્વભાવમાં સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનથી એકાગ્રતા કરના. આહાહા ! આવો છે માર્ગ. લોકોએ ન સાંભળ્યો હોય એને એવું લાગે આ શું કહે છે. આ ક્યાંથી નવું કાઢયું ? નવું નથી ભાઈ ! અનાદિનો એ માર્ગ છે બાપુ ! પવિત્ર જ્ઞાન સ્વભાવથી ભરેલો ભગવાન છે ને ? એ જ્ઞાન કાંઈ બહારથી આતા નહિ હૈ. આહાહા ! શાબ્દિક જ્ઞાનસે વો આત્મજ્ઞાન નહીં હોતા હૈ, એમ કહેતે હૈ. આહાહાહા ! એ જડકા જ્ઞાનસે આત્માકા જ્ઞાન નહીં હોતા એમ કહેતે હૈ. આહાહાહાહા !

એ આત્મા તરફકા ઝુકાવસે આત્માકા જ્ઞાનકી ઉત્પત્તિ હોતી હૈ. આહાહા ! આવી વાત છે ભાઈ ! અહીં તો ઘણાં વખતથી હાલે છે. એટલે હવે તો થોડું થોડું ( સમજાય ) નહીંતર તો અજીર્ણ લાગે, કહો મોહનલાલજી ! આવી વાત છે ભગવાન. આહાહાહા ! પ્રભુ અંદર મોટો પડયો છે ને નાથ, પરમેશ્વર સ્વરૂપ જ તું છો, જ્ઞાનનો પરમ ઈશ્વર, આનંદનો પરમ ઈશ્વર, આહાહાહા... શાંતિનો પરમ ઈશ્વર, એ તરફ તેરા ઝુકાવ, સ્વીકાર કભી કિયા નહીં તેં નાથ ! જે ચીજ પરિપૂર્ણ આનંદ ને જ્ઞાનસે ભરી હૈ, ઉસકા તેરે સ્વીકાર ન હુઆ, તો તેં તેરા જ્ઞાનકી સેવા નહીં કિયા. આહાહા ! આકરું કામ ભારે !

યા તો કાળલબ્ધિ, સ્વકાળકી પ્રાપ્તિ, એ સમયમેં પ્રાપ્તિ કાળલબ્ધિ, આયે તબ સ્વયં જ્ઞાનસે સ્વયં હી જાન લે અથવા કોઈ ઉપદેશ દેનેવાલા મિલે તબ જાને, જૈસે સોયા હુઆ પુરુષ, સોયા હુઆ, સોતા હુવા પુરુષ યા તો સ્વયં હી જાગ જાએ અથવા કોઈ જગાવે તબ જાગે. આહાહા ! જાગે તો એ પોતે. આહાહા ! યહાં પુનઃ પ્રશ્ન હોતા હૈ કે યદિ ઐસા હો તો જાનનેકે કારણસે પૂર્વ, આહાહાહા ! જ્ઞાન સ્વભાવ ભગવાન ઐસા જ્ઞાન ન કિયા એ પૂર્વે કયા એ અજ્ઞાની થા ? આહાહાહા !

સમજમેં આયા ? જ્ઞાન સ્વરૂપી ભગવાન અજ્ઞાની થા ? આહાહા ! ભગવાન જ્ઞાન સ્વરૂપી પ્રભુ, ઉસકા જ્ઞાન ન કરે તો એ જ્ઞાન સ્વભાવી પ્રભુ અજ્ઞાની થા, પર્યાયમેં. આહાહાહા ! હૈ ? એસા હૈ તો જાનનેકે કારણસે પૂર્વ કયા આત્મા અજ્ઞાની હી હૈ ? આત્મા અજ્ઞાની હૈ. આહાહા !

વેદાંતવાળાને તો આ ભારે ( પડે ! ). આહાહા ! એક આયા થા ને ત્યાં નવ્વાણુંની સાલમાં એક વેદાંતી આવ્યા, કે આ જૈનમાં આવી અધ્યાત્મની વાત, આવી જૈનમાં ક્યાંથી આવી ? કોણ કહે છે આ ? એમ કે જૈનમાં તો આ વ્રત પાળવા ને ભક્તિ કરવી આ બધું એમ ? એટલે કહે લાવને સાંભળવા જાઉં. એમ કરીને આવ્યો. વાત કરતાં-કરતાં એવી વાત નીકળી, પરમહંસ હતો કોક વેદાંતિ, કે જુઓ ભાઈ આત્મા નિત્ય તો હૈ, પણ અનિત્ય ભી હૈ, ભાગ્યો ! કે હાય હાય અનિત્ય ? અરે ભાઈ ! આત્મા હૈ ઐસા નિર્ણય કોણ ધ્રુવ કરતે હૈ કે પર્યાય કરતી હૈ ? અનિત્ય નિર્ણય કરતી હૈ કે નિત્ય નિર્ણય કરતે હૈ ? એને પણ એ વાત ( ન રુચિ ) અત્યારે બધે ગરબડ ચાલી રહી છે. આહાહા... આવો એમ કે જૈનમાં વળી આધ્યાત્મની વાત ને આત્માની વાત એ ક્યાંથી આવી ? એમ કે જૈનમાં તો જાણે ક્રિયાકાંડ ને વ્રત ને એ જ. એવું લોકોએ માન્યું છે, બહારનું જૈન ધર્મનું. ( શ્રોતાઃ- જૈનમાં હોય એટલે કર્મની વાત હોય ) કર્મની વાત ને ક્રિયાની વાત. ( શ્રોતાઃ- આત્માની વાત બિલકુલ છે નહીં. ) આહાહાહા ! ત્યારે એને કહેતે હૈ કે બાપુ ભગવાન તો સચ્ચિદાનંદ પ્રભુ હૈ, પણ ઉસકા નિર્ણય કરનેકી પર્યાય અનિત્ય હૈ. અરે ! આત્મા અનિત્ય ? ભાગ્યો ! આહાહા !

એ શાસ્ત્રજ્ઞાન ભી અનિત્ય હૈ, એ તો ક્ષણિક પર, વાસ્તવિક એ જ્ઞાન નહીં, પણ આત્માકા જ્ઞાન હુઆ, આહાહાહા... એ ભી પર્યાય ક્ષણિક હૈ, ધ્રુવકા જ્ઞાન હુઆ પણ પર્યાય ક્ષણિક હૈ. આહાહા ! અરેરે બે વસ્તુ જ ઐસી હૈ. અપરિણામી-પરિણમન પરિણમનમેં અપરિણામી પારિણામિક ભાવકા જ્ઞાન હોતા હૈ, કયા કહા ? પરિણમનમેં, પરિણમન અનિત્ય હૈ, પરિણમનમેં અપરિણામી પારિણામિકભાવકા જ્ઞાન હોતા હૈ. આહાહા ! એ અપરિણામીનો અર્થ પર્યાય હોતી નહીં ઉસમેં, પણ હૈ ઉસકા નામ પારિણામિક ભાવ. આહાહાહા ! પારિણામિક ભાવકા અર્થ પરિણમે તેથી પારિણામિક એમ નહીં. સહજ સ્વભાવકો અપરિણામીકો પારિણામિકભાવ કહેતે હૈ. આહાહાહા ! અરે કોઈ દિ' આવું તત્ત્વ, વીતરાગ સર્વજ્ઞ પરમાત્માના પંથમાં જન્મ્યા એનેય ખબરું ન મળે. અરેરે ! આહાહા !

કયા જાનનેકે કારણસે પૂર્વે સ્વયં આત્માકા જ્ઞાન હોતા નહીં અને પૂર્વે ગુરુસે ભી હુઆ નહીં, તો વો પહેલે કયા અજ્ઞાની થા ? આહાહા ! કયા અજ્ઞાની હી હૈ ? આત્મા અજ્ઞાની હૈ ? આહાહા ! જ્ઞાન સ્વભાવનો ભંડાર પ્રભુ એ અજ્ઞાની હૈ ? આહાહા ! ક્યોં કિ ઉસે સદા અપ્રતિબુદ્ધત્વ હૈ. આહાહા ! કર્યોકિ સ્વભાવકા અપના જ્ઞાન હૈ નહીં. અપ્રતિબુદ્ધ, દેખો ! આ સમયસારમાં અપ્રતિબુદ્ધકો સમજાતે હૈ, કેટલાક કહેતે હૈ કે આ સમયસાર તો મુનિકે માટે હૈ, અહીંયા તો ( શ્રોતાઃ- એ થવા માટે ) એ થવાનો થાય પછી પણ આ તો અપ્રતિબુદ્ધકો સમજાતે હૈ, સમયસાર. આહાહાહા !

અપ્રતિબુદ્ધ જ હૈ ? ઉસકા ઉત્તર ઐસા હી હૈ, એ અજ્ઞાની હી હૈ, અપના જ્ઞાન સ્વભાવકી એકાગ્રતા હુઈ નહીં, એ સન્મુખ સ્વીકાર હુઆ નહીં, મૈં તો આનંદ ને જ્ઞાન સ્વરૂપ હું ઐસી દૃષ્ટિ

હુઈ નહીં. તબ લગ એ અજ્ઞાની હૈ, આહાહાહાહા... પર્યાયમેં અજ્ઞાની હૈ, વસ્તુ ભલે જ્ઞાન ને આનંદ હૈ. આહાહાહા ! દ્રવ્ય ગુણ ને પર્યાય તીનોં લે લિયા. દ્રવ્ય સ્વભાવવાન, ગુણ સ્વભાવ, ઔર ઉસકા ભાન હુઆ એ પર્યાય. અને ભાન ન હુઆ એ અજ્ઞાનરૂપી પર્યાય. આહાહાહા ! આવી વાત બાપા ! દ્રવ્ય ગુણ ને પર્યાયની ક્યાં ખબર છે ? આહાહાહા... બાપા હજી તો દ્રવ્ય ગુણ ને પર્યાયના નામેય આવડે નહીં. પર્યાય એટલે શું કહે એક જણો પંડિત આવ્યો હતો, દક્ષિણનો પંડિત આવ્યો હતો. નરમ માણસ હતો, ( કહે ) પર્યાય એટલે ? અરે પણ તમે મોટા પંડિત છો. અહીં આવ્યો હતો ઓલો વીસપંથી પૂજા કરે ભગવાનની કેશરથી ને ફલાણાથી, ભાઈ અહીં એ રિવાજ નથી બાપુ, પણ નરમ માણસ હતો પંડિત પછી તો, એ કહે–પર્યાય ? અરે પણ શું તમે, દ્રવ્ય ત્રિકાળી વસ્તુ, ગુણ ત્રિકાળી સ્વભાવ અને વર્તમાન પલટતી અવસ્થા એ પર્યાય. આહાહાહા ! એ પર્યાયમેં પર્યાયવાન કા જ્ઞાન હોતા હૈ. આહાહા ! આકરી વાત બાપુ બહુ ફેરફાર થઈ ગયો છે. આહાહા !

એ પર્યાય જ્ઞાયક તરફ ઝુકતી હૈ, આહાહા... તબ જ્ઞાનકી પર્યાયકા પરિણમન નિર્મળ હોતા હૈ, એ સમ્યગ્દર્શનકી પર્યાય કહો, જ્ઞાનકી પર્યાય કહો, સ્વરૂપ આચરણકી કહો, આનંદકી કહો, શાંતિકી કહો, સ્વચ્છતાકી કહો, પ્રભુતાકી, ઈશ્વરતાકી કહો, એ સબ જ્ઞાનકી પર્યાય છે. આહાહાહા ! આ આવો માર્ગ હવે, ઓલા તો ઉપવાસ કરો, છઠ્ઠ કરો, સંઘ કરો, વ્રત કરો, રસ છોડો સહેલુંસટ હતું, રખડવાના રસ્તા હૈ એ તો બધાં. દાન આપો તમે. પાંચ પચ્ચીસ લાખના એટલા બધાં તો શેના આપે, પાંચ–પચ્ચીસ પચાસ લાખ થોડા આપે વળી. આહાહા ! આપે, ક્યાં એ ચીજ ક્યાં એની હતી. એમાં ભાવ કરે કદાચ રાગ મંદનો એ પણ પુણ્ય છે. અને પુણ્યમાં એકાગ્રતા એ મિથ્યાત્વ છે. આહાહા ! પુણ્યકી સેવા કિયા. આહાહાહા... આવો માર્ગ છે બાપા ! અરેરે ! આહાહાહા... ( શ્રોતાઃ– સંસ્થાની સેવા કરવી કે ન કરવી ? ) કોણ–કોની સેવા કરે છે ? રાગ ને પુણ્યના ભાવની સેવા કરે, અજ્ઞાનભાવથી. આહાહાહા... અરેરે શાબ્દિક જ્ઞાનની સેવા આહાહાહા... એને મહત્તા લાગી જાય જાણે કે મેં કેટલું જાણ્યું ? અરે ભગવાન સાંભળને ભાઈ તને અહં પદ આવી ગયા છે મિથ્યાત્વના. આહાહા... અને જવાબ દેતા આવડે ને ભડાક–ભડાક–ભડાક એટલે જાણે કે, આહાહા... ભાઈ શું છે એ તો સ્વાભાવિક હૈ. આહાહા !

અહીં તો પરમાત્મા, સંતો કહેતે હૈ યહ પરમાત્મા કહેતે હૈ, પરમાત્મા કહેતે હૈ એ સંતો કહેતે હૈ– પ્રભુ તેં સ્વયં અપના જ્ઞાન સ્વરૂપી ભગવાન આત્મા, ઉસકી તેરે મહિમા કભી એક ક્ષણ આઈ નહીં ને પુણ્ય ને પાપ ને વર્તમાન શાસ્ત્રજ્ઞાનકી મહિમા કભી તેં છોડી નહીં પ્રભુ. આહાહા ! એવો અહીંયા ભગવાન આત્મા, ચૈતન્ય સ્વરૂપી દર્શન કરે પ્રભુ તું. આહાહા ! એ અપ્રતિબુદ્ધ હૈ, એમ શિષ્ય કહે છે હોં હજી કે હા હા ઐસા હી હૈ, અપ્રતિબુદ્ધ હૈ. અપને સ્વરૂપકે અંદર જ્ઞાન હૈ, આનંદ હૈ અને એ અપ્રતિબુદ્ધ હૈ ? હા, અપ્રતિબુદ્ધ હૈ. સ્વરૂપકા આનંદકંદ જ્ઞાન સ્વરૂપ ભગવાન, ઉસકા જ્ઞાન હુઆ નહીં, અને એકીલા રાગ ને શબ્દજ્ઞાનમેં તો એકાગ્ર હો ગયા. આહાહાહા ! એય ! સુરેશભાઈ ! શું હશે આવું તે ભાઈ, આવો માર્ગ ક્યાંથી ? એ ઝાંઝરીજી, એ અંતરિક્ષની સેવા કરવી, ને સેવા–બેવા કરી શકતો નથી એમ કહે છે. ભાવ આવે શુભ, વિકલ્પ આહાહાહા... એની પણ એકાગ્રતા થાય તો મિથ્યાત્વ હૈ. આહાહાહા... ગજબ વાત હૈ બાપા. વીતરાગ

વીતરાગ વીતરાગ, ત્રણ લોકનો નાથ સર્વજ્ઞ સ્વરૂપી પ્રભુ આ આત્મા હોં, આ સર્વજ્ઞ સ્વરૂપી પરમાત્મા જ્ઞાનસ્વરૂપી કહ્યું ને ? એ જ્ઞાન સ્વભાવ એને કહ્યું ને ? એ સર્વજ્ઞ સ્વભાવ એમ, આહાહા ! વો તરફકી એકાગ્રતા એક ક્ષણ પણ, સમય માત્ર પણ કભી કિયા નહીં, અને એક સમય માત્ર પણ સેવા કરે તો જન્મ મરણકા અંત આ જાએ ઉસકા. આહાહાહા ! ભવના અંત ત્યાં હૈ, સુખના પંથ તહાં હૈ, ભવના અંત તહાં હૈ. આહાહા ! આકરું પડે લોકોને એવું સોનગઢને નામે અરેરે આ કોણ કહેતે હૈ ? આ શાસ્ત્ર કહેતે હૈ કે નહીં ? આહાહાહા !

* સર્વ જીવો સાધર્મી છે. કોઈ વિરોધી નથી. સર્વ જીવો પૂર્ણાનંદને પ્રાપ્ત થાવ ! કોઈ જીવો અપૂર્ણ ન રહો, કોઈ જીવો અલ્પજ્ઞ ન રહો, કોઈ જીવો વિરોધી ન રહો, કોઈ જીવો વિપરીત દૃષ્ટિવંત ન રહો. બધા જીવો સત્યના માર્ગે આવી જાવ ને સુખી થાવ ! કોઈ જીવમાં વિષમતા ન રહો. બધા જીવો પૂર્ણાનંદરૂપ પ્રભુ થઈ જાવ. સમયસાર ગાથા–૩૮ના શ્લોકમાં અમૃતચંદ્રાચાર્ય કહે છે કે સર્વ જીવો આત્મામાં મગ્ન થાવ ! આહાહા ! જુઓ જ્ઞાનીની ભાવના ! પોતે પૂર્ણાનંદ સ્વરૂપ આત્મામાં મગ્ન થાય છે એટલે સર્વ જીવો પણ પૂર્ણાનંદ સ્વરૂપમાં મગ્ન થઈ સુખાનુભવ કરો એમ કહે છે.

( દૃષ્ટિનાં નિધાન - ૩૪૪ )

## ગાથા - ૧૯

અબ અહીંયા પુનઃ પૂછતે હૈ એ આત્મા કિતને સમય તક આહાહા ! પ્રભુ ત્યારે હવે ઐસા અજ્ઞાની અપ્રતિબુદ્ધ કિતના કાળ તક રહેગા ? સમજમેં આયા.. ? એ પૂછતે હૈ કે યહ આત્મા, યહ આત્મા કિતને સમય કિતને કાળ તક અપ્રતિબુદ્ધ રહેતા હૈ ? એ કહો, પ્રભુ તો એ બતાવોને અપ્રતિબુદ્ધ કૈસે કહાં સુધી, આહાહા... ઉસકે ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહેતે હૈ.

तर्हि कियन्तं कालमयमप्रतिबुद्धो भवतीत्यभिधीयताम्-

**વળી ફરી પૂછે છે કે આ આત્મા કેટલા વખત સુધી ( ક્યાં સુધી ) અપ્રતિબુદ્ધ છે તે કહો. તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છેઃ-**

**कम्मे णोकम्मम्हि य अहमिदि अहकं च कम्म णोकम्मं।**
**जा एसा खलु बुद्धी अप्पडिबुद्धो हवदि ताव।।१९।।**

कर्मणि नोकर्मणि चाहमित्यहकं च कर्म नोकर्म।
यावदेषा खलु बुद्धिअप्रतिबुद्धो भवति तावत्।।१९।।

यथा स्पर्शरसगन्धवर्णादिभावेषु पृथुबुध्नोदराद्याकारपरिणतपुद्गल-स्कन्धेषु घटोऽयमिति, घटे च स्पर्शरसगन्धवर्णादिभावाः पृथुबुध्नोदराद्याकारपरिणत-पुद्गलस्कन्धाश्चामी इति वस्त्वभेदेनानुभूतिस्तथा कर्मणि मोहादिष्वन्तरङ्गेषु नोकर्मणि शरीरादिषु बहिरङ्गेषु चात्मतिरस्कारिषु पुद्गलपरिणामेष्वहमित्यात्मनि च कर्म मोहादयोऽन्तरङ्गा नोकर्म शरीरादयो बहिरङ्गाश्चात्मतिरस्कारिणः पुद्‌गलपरिणामा अमी इति वस्त्वभेदेन यावन्तं कालमनुभूतिस्तावन्तं कालमात्मा भवत्यप्रतिबुद्धः। यदा कदाचिद्यथा रूपिणो दर्पणस्य स्वपराकारावभासिनी स्वच्छतैव वह्नेरौष्ण्यं ज्वाला च तथा नीरूपस्यात्मनः स्वपराकारावभासिनी ज्ञातृतैव पुद्‌गलानां कर्म नोकर्म चेति स्वतः परतो वा भेदविज्ञानमूलानुभूतिरुत्पत्स्यते तदैव प्रतिबुद्धो भविष्यति।

---

**નોકર્મ-કર્મે 'હું', હુંમાં વળી 'કર્મ ને નોકર્મ છે',**
**એ બુદ્ધિ જ્યાં લગી જીવની, અજ્ઞાની ત્યાં લગી તે રહે. ૧૯.**

**ગાથાર્થઃ- [ यावत् ] જ્યાં સુધી આ આત્માને [ कर्मणि ] જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, ભાવકર્મ [ च ] અને [ नोकर्मणि ] શરીર આદિ નોકર્મમાં [ अहं ] 'આ હું છું' [ च ] અને [ अहकं कर्म नोकर्म इति ] હુંમાં ( -આત્મામાં ) 'આ કર્મ-નોકર્મ છે'- [ एषा खलु बुद्धिः ] એવી બુદ્ધિ છે, [ तावत् ] ત્યાં સુધી [ अप्रतिबुद्धः ] આ આત્મા અપ્રતિબુદ્ધ [ भवति ] છે.**

**ટીકાઃ- જેવી રીતે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ ભાવોમાં તથા પહોળું તળિયું, પેટાળ આદિના આકારે પરિણત થયેલ પુદ્‌ગલના સ્કંધોમાં 'આ ઘડો છે' એમ, અને ઘડામાં**

**'આ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ ભાવો તથા પહોળું તળિયું, પેટાળ આદિના આકારે પરિણત પુદ્ગલ-સ્કંધો છે' એમ વસ્તુના અભેદથી અનુભૂતિ થાય છે, તેવી રીતે કર્મ-મોહ આદિ અંતરંગ પરિણામો તથા નોકર્મ-શરીર આદિ બાહ્ય વસ્તુઓ-કે જેઓ ( બધાં ) પુદ્ગલના પરિણામ છે અને આત્માનો તિરસ્કાર કરનારા છે-તેમનામાં 'આ હું છું' એમ અને આત્મામાં 'આ કર્મ-મોહ આદિ અંતરંગ તથા નોકર્મ-શરીર આદિ બહિરંગ, આત્મ-તિરસ્કારી ( આત્માનો તિરસ્કાર કરનારા ) પુદ્ગલ-પરિણામો છે' એમ વસ્તુના અભેદથી જ્યાં સુધી અનુભૂતિ છે ત્યાં સુધી આત્મા અપ્રતિબુદ્ધ છે; અને જ્યારે કોઈ વખતે, જેમ રૂપી દર્પણની સ્વ-પરના આકારનો પ્રતિભાસ કરનારી સ્વચ્છતા જ છે અને ઉષ્ણતા તથા જ્વાળા અગ્નિની છે તેવી રીતે અરૂપી આત્માની તો પોતાને ને પરને જાણનારી જ્ઞાતૃતા ( જ્ઞાતાપણું ) જ છે અને કર્મ તથા નોકર્મ પુદ્ગલનાં છે એમ પોતાથી જ અથવા પરના ઉપદેશથી જેનું મૂળ ભેદવિજ્ઞાન છે એવી અનુભૂતિ ઉત્પન્ન થશે ત્યારે જ ( આત્મા ) પ્રતિબુદ્ધ થશે.**

**ભાવાર્થઃ- જેમ સ્પર્શાદિમાં પુદ્ગલનો અને પુદ્ગલમાં સ્પર્શાદિનો અનુભવ થાય છે અર્થાત્ બન્ને એકરૂપ અનુભવાય છે, તેમ જ્યાં સુધી આત્માને, કર્મ-નોકર્મમાં આત્માની અને આત્મામાં કર્મ-નોકર્મની ભ્રાંતિ થાય છે અર્થાત્ બન્ને એકરૂપ ભાસે છે, ત્યાં સુધી તો તે અપ્રતિબુદ્ધ છે; અને જ્યારે તે એમ જાણે કે આત્મા તો જ્ઞાતા જ છે અને કર્મ-નોકર્મ પુદ્ગલનાં જ છે ત્યારે જ તે પ્રતિબુદ્ધ થાય છે. જેમ અરીસામાં અગ્નિની જ્વાળા દેખાય ત્યાં એમ જણાય છે કે "જ્વાળા તો અગ્નિમાં જ છે, અરીસામાં નથી પેઠી, અરીસામાં દેખાઈ રહી છે તે અરીસાની સ્વચ્છતા જ છે"; તે પ્રમાણે "કર્મ-નોકર્મ પોતાના આત્મામાં નથી પેઠાં; આત્માની જ્ઞાન-સ્વચ્છતા એવી જ છે કે જેમાં જ્ઞેયનું પ્રતિબિંબ દેખાય; એ રીતે કર્મ-નોકર્મ જ્ઞેય છે તે પ્રતિભાસે છે"-એવો ભેદજ્ઞાનરૂપ અનુભવ આત્માને કાં તો સ્વયમેવ થાય અથવા ઉપદેશથી થાય ત્યારે જ તે પ્રતિબુદ્ધ થાય છે.**

कम्मे णोकम्मम्हि य अहमिदि अहकं च कम्म णोकम्मं।
जा एसा खलु बुद्धी अप्पडिबुद्धो हवदि ताव।।१९।।

નોકર્મ-કર્મે 'હું', હુંમાં વળી 'કર્મ ને નોકર્મ છે',
એ બુદ્ધિ જ્યાં લગી જીવની, અજ્ઞાની ત્યાં લગી તે રહે. ૧૯.

**ટીકાઃ-** જૈસે સ્પર્શ રસ ગંધ રંગ આદિ ભાવોમેં અને ચોડા ગહરા અવગાહરૂપ ઉદરાદિકે આકારરૂપ પરિણત હુએ પુદ્ગલકે સ્કંધોમેં 'યહ ઘટ હૈ' દેખો કયા કહેતે હૈ ? સ્પર્શ, રસ, ગંધ ને રંગ, આદિ ભાવોમેં અને ચોડા ગહરા અવગાહરૂપ આકાર, ઉદરાદિ આકાર પરિણત હુએ પુદ્ગલકે સ્કંધોમેં યહ ઘટ હૈ, ઈસ પ્રકાર, ઔર ઘડેમેં યહ સ્પર્શ ગંધ રસ વર્ણ આકાર પરિણત પુદ્ગલકે સ્કંધ આદિ ભાવ ચોડે ગહરે ઉદર આકાર આદિ પરિણત પુદ્ગલ સ્કંધ હૈ. કયા કહા ? વર્ણ, ગંધ, રંગ, સ્પર્શમેં ઘટ હૈ ને. ઘટમેં વર્ણ રંગ ગંધ સ્પર્શ હે. આહાહા... અરસપરસ. આહાહા ! ઈસ પ્રકાર વસ્તુકે અભેદસે અનુભૂતિ હોતી હૈ. ઘટ ને ઘટનો ભાવ વર્ણ, ગંધ, રસ,

સ્પર્શ એ ઘટ હૈ અને ઘટ એ વર્ણ, રંગ, ગંધ, સ્પર્શરૂપ હૈ, અભેદ હૈ. સમજમેં આયા ? એ વસ્તુકે અભેદસે અનુભૂતિ હોતી હૈ, જ્ઞાન હોતા હૈ. ઈસી પ્રકાર આહાહાહા... કર્મ મોહ આદિ અંતરંગ પરિણામ, આહાહાહા... ભાવ કર્મને આ બધું, આહાહા... કર્મ મોહાદિ અંતરંગ પરિણામ ઔર રાગ દ્વેષ મિથ્યાત્વ પરિણામ. આહાહાહા... પુદ્‌ગલ સ્કંધ હૈ. આહાહા... અંતરંગ પરિણામ તથા નોકર્મ શરીરાદિ બાહ્ય વસ્તુ, આ શરીર વાણી મન એ બાહ્ય વસ્તુ, એ નોકર્મ, એમ એ સબ પુદ્‌ગલકે પરિણામ હૈ. એ તો પુદ્‌ગલના પરિણામ હૈ. આહાહાહાહા... શુભ–અશુભ રાગ, અને શરીરાદિ એ તો સબ પુદ્‌ગલકા પરિણામ હૈ. આહાહા ! “ઔર આત્માકે તિરસ્કાર કરનેવાલે હૈ”. આહાહાહાહા... કયા કહેતે હૈ ? એ શુભઅશુભભાવ એ આત્માકો તિરસ્કાર કરનેવાલા હૈ. આહાહા ! મૈં હું, તુમ નહીં. પુણ્ય પાપકા ભાવ મૈં હું, એ પુણ્ય પાપકા ભાવ આત્માકા તિરસ્કાર કરતે હૈ. ભગવાન પુર્ણાનંદકા નાથ પડા હૈ. આહાહાહાહા...

આકરી વાતું બહુ, શું ગાથા ને શું ટીકા. આહાહાહા... ગજબ કોઈ, અત્યારે ભરતક્ષેત્રમાં સમયસાર, આહાહા... સર્વોત્કૃષ્ટ ગ્રંથ વીતરાગના કહા હુવા હો તો આ એક હૈ, જેમાં સર્વાંગી પૂર્ણ વાત બધી, આહાહાહા... ઉસકે લગતા પ્રવચનસાર, નિયમસાર સબ હૈ. આહાહા !

એ તિરસ્કાર કરનેવાલા હૈ, આ કોણ, કયા કહેતે હૈ ? કે શરીર વાણી, મન યે મૈં હું ઐસા આતે હૈ તો ભગવાન આત્મા અખંડાનંદકા તિરસ્કાર હોતે હૈ. પુણ્ય ને પાપકા ભાવ ઉપર દૃષ્ટિ હૈ, તબલગ ભગવાનકા તો તિરસ્કાર હુઆ ભગવાન ત્રણ લોકનો નાથ બિરાજે છે અંદર. આહાહા... આ... આ હું, આ નહીં એમ કયા કહેતે હૈ એ ? એ શુભઅશુભભાવ આહાહાહા ! અરે શાસ્ત્રકા જ્ઞાન એ મૈં હું, એ ભગવાનકા અનાદર તિરસ્કાર કરતે હૈ. ગજબ વાત હૈ. આહાહા ! હૈ ? ( શ્રોતાઃ– ગજબ વાત હૈ કે પરમ સત્ય ) પરમ સત્ય, પરમ સત્ય, પરમ સત્ય સાહેબો, ભૂતાર્થ ભગવાન, સત્યાર્થ પ્રભુ, પરમ સત્ય પ્રભુ હૈ. આહાહાહા ! એક સમયમેં પણ ભૂતાર્થ ભગવાન સત્યાર્થ પ્રભુ હૈ, ઉસકા અનાદર કરકે, રાગ ને શરીર મૈં હું એ સ્વરૂપકા તિરસ્કાર કરતે હૈ પ્રભુ. આહાહાહા ! ભાષા તો સાદી હૈ ભાવ તો હૈ યહ હૈ. આહાહા ! આહાહા ! આહાહા ! ગજબ વાત કરતે હૈ ટીકા તે ટીકા, આહાહા !

શરીરાદિ વાણી મન પુણ્ય ને પાપકા અંતરંગ પરિણામ એ બાહ્યવસ્તુ હૈ, દેખો ! એ તો બાહ્યવસ્તુ હૈ, અંતર વસ્તુ નહીં એ. આહાહાહા ! બાહ્યવસ્તુમેં સબ પુદ્‌ગલકે પરિણામ હૈ, ઔર આત્માકે તિરસ્કાર કરનેવાલા હૈ. આહાહા ! ઉસકા જ્યાં સ્વીકાર કરને જાતે હૈ, ભગવાનકા અનાદર હો જાતા હૈ. આનંદનો નાથ પ્રભુ અંદર પડા હૈ. ઉસકા તિરસ્કાર હોતા હૈ ભાઈ ! આહાહાહા ! આવી વાત છે.

ઉનમેં ‘યહ મૈં હું’ ઉનમેં યહ મૈં હું, આહાહાહા “ઈસ પ્રકાર ઔર આત્મામેં યે કર્મ નોકર્મ અંતરંગ, બહિરંગ, આત્મ તિરસ્કારી” આત્માકે તિરસ્કાર કરનેવાલા પુદ્‌ગલ પરિણામ હૈ. એ રાગ ને શરીર ને વાણીમેં મૈં હું અને રાગ ને શરીરાદિ મેરેમેં હૈ. આહાહાહા ! આવી વાત હવે કહો, અહીં તો પુણ્યથી ધર્મ થાય ને, અરે પ્રભુ શું કરે છે તું ? આ પુણ્ય અંતરંગ પરિણામ ઉસમેં મૈ હું, ઔર મેરેમેં એ હૈ. મિથ્યાત્વ તિરસ્કાર તેરે આહાહાહા... પ્રભુ, સમજમેં આયા ? ઓહોહો... ! થોડા શબ્દમેં ગાગરમેં સાગર ભર દિયા હૈ. ઈસમેં, ઉનમેં યહ મૈં હું, આ મૈં હું, રાગ પુણ્ય દયા

દાન વિકલ્પ રાગ, આહાહાહા... દેવ ગુરુ શાસ્ત્રકી ભક્તિકા રાગ, શાસ્ત્રકી ભક્તિકા રાગ, આહાહાહાહા... યહ મૈં હું, ઈસ પ્રકાર, ઔર આત્મામેં એ કર્મ-નોકર્મ રાગાદિ અંતરંગ પરિણામ અને શરીર-વાણી આદિ બહિરંગ ( પરિણામ ), તિરસ્કારી, આહાહા... આત્માકે તિરસ્કાર કરનેવાલે પુદ્ગલ પરિણામ હૈ, મેરેમેં યે હૈ, તિરસ્કાર કરનેવાલી ચીજ મેરેમેં હૈ. આહાહાહાહા ! ગજબ હૈ.

"ઈસ પ્રકાર વસ્તુકે અભેદસે" કયા ? એ પુણ્ય ને પાપના પરિણામ અંતરંગ, બહિરંગ શરીર વાણી મન એ મૈં હું અને એ મેરેમેં હૈ. ઐસી ( માન્યતા ) જબલગ જેમ ઘટ ને વર્ણ ગંધ રસ સ્પર્શ અભેદ હૈ ઘટ વર્ણ ગંધ રસ સ્પર્શ હૈ. વર્ણ ગંધ રંગ સ્પર્શ સબ ઘટરૂપ હૈ, ઐસે આ આત્મા પુણ્ય ને પાપ શરીર વાણી મન મૈં હું. એ અંતરંગ પરિણામ આદિ મેરેમેં હૈ, ઐસે અભેદસે જબ તક અનુભૂતિ હૈ. અભેદસે જબતક અનુભવ હૈ. એટલે કે જ્ઞાન હૈ, આહાહાહાહા... આવો માર્ગ છે. તબતક આત્મા અપ્રતિબુદ્ધ હૈ. આહાહાહા... કયા કહા ? કે જબલગ ભગવાન આત્મા ઉસમેં પુણ્ય ને પાપ ને શરીર ને વાણી ને કર્મમાં એ મૈં હું અને એ ચીજ મેરેમેં હૈ, તબલગ વો અજ્ઞાની અપ્રતિબુદ્ધ હૈ. આહાહા ! ઉસકો જ્ઞાન સ્વરૂપમેં આ રાગાદિ નહીં ને રાગમેં આત્મા નહિ, ઈસકી ખબર નહીં. આહાહા ! આવી વાતું ભારે આકરી ! દેવ ગુરુ શાસ્ત્રની ભક્તિનો રાગ, એ રાગમેં મૈં હું અને રાગ મેરેમેં હૈ. આહાહાહાહા... આ તો રાગસે મેરે કલ્યાણ હોગા, તો ઉસકા અર્થ એ હુઆ કે રાગ મેરેમેં હૈ. આહાહા ! તબલગ એ અપ્રતિબુદ્ધ અજ્ઞાની, હૈ ને ? આહાહા ! પીછે હવે વિશેષ વાત હૈ.

( શ્રોતાઃ- પ્રમાણવચન ગુરુદેવ )